# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૨ તા. ૧૦-૯-૧૫

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષયઃ- રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવતી નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ(NMMS)ની પરીક્ષા બાબત.**

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓની માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ડ્રોપઆઉટ દર ઘટે તથા આ વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તે હેતુથી ધો.૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ(NMMS)નામની યોજના સને ૨૦૦૮-૦૯ થી **N.C.E.R.T. NEW DILHI** તરફથી અમલમાં મુકવામાં આવેલ છે.રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૦૮-૧૧-૧૫, રવિવારના રોજ શિષ્યવૃત્તિ માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે પરીક્ષા યોજવામાં આવશે.

આ પરીક્ષાના આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઈટ પર તા.૨૦-૮-૧૫ થી ૧૫-૯-૧૫ દરમ્યાન ઓનલાઈન ભરવાના રહેશે.

❖ પરીક્ષાનો કાર્યક્રમ :-

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | **www.sebexam.org** વેબસાઈટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઈન ભરવાનો સમયગાળો | તા.૨૦-૮-૧૫ થી ૧૫-૯-૧૫ |
| ૨ | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફિસ ખાતે ભરવાનો સમયગાળો | તા.૨૦-૮-૧૫ થી ૧૬-૯-૧૫ |
| ૩ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો શાસનાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૨-૯-૧૫ |
| ૪ | પરીક્ષાની તારીખ | ૮-૧૧-૧૫ |

❖ શિષ્યવૃત્તિની રકમ તથા ચૂકવણીના નિયમો :-

- પરીક્ષા બાદ મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને માસિક રૂા.૫૦૦/- લેખે વાર્ષિક રૂા.૬૦૦૦/- શિષ્યવૃત્તિ ચૂકવાશે.
- શિષ્યવૃત્તિની રકમ ચાર વર્ષ સુધી મળવાપાત્ર થશે.
- શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય(એમ.એચ.આર.ડી.) ન્યુ દિલ્હી દ્વારા થશે.

❖ ઉમેદવારની લાયકાત :-

- જે વિદ્યાર્થીઓ ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮માં સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, ખાનગી શાળાઓ અથવા લોકલ બોડી સ્કૂલમાં અભ્યાસ કરતા હોય તેવા ઉમેદવાર NMMSની પરીક્ષા આપી શકશે.
- જનરલ કેટેગરીના ઉમેદવારે ધો.૭માં ઓછામાં ઓછા ૫૫% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઈએ.અનુસૂચિત જાતિ(SC) અને અનુસૂચિત જનજાતિ(ST) ઉમેદવારે ધોરણ-૭માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ મેળવેલ હોવા જોઈએ.
- તમામ કેટેગરીના ઉમેદવારના વાલીની વાર્ષિક આવક રૂા.૧,૫૦,૦૦૦/- થી વધુ ના હોય તેવા જ ઉમેદવાર આ પરીક્ષા આપી શકશે.

❖ આવક મર્યાદા :-

- એન.સી.ઈ.આર.ટી. નવી દિલ્હીની એન.એમ.એસ.એસ.ની પરીક્ષા માટે નક્કી થયા મુજબ ઉમેદવારના વાલીની વાર્ષિક આવક રૂા.૧,૫૦,૦૦૦/- થી વધારે ના હોવી જોઈએ.વિદ્યાર્થીના આવેદનપત્ર સાથે વાલીની વાર્ષિક આવકના દાખલા ની પ્રમાણિત નકલ અવશ્ય જોડવાની રહેશે.

❖ પરીક્ષાનું માધ્યમ :-

- પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી તેમજ ગુજરાતી રહેશે અને પ્રશ્નો બહુ વિકલ્પ રહેશે.

❖ પરીક્ષા ફી :

- જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા.૭૦/- રહેશે.
- એસ.સી. તથા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા.૫૦/- રહેશે.
- સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.

❖ પ્રશ્નપત્રોનો ઢાંચો અને ગુણ :-

| કસોટીનો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧.MAT બૌદ્ધિક યોગ્યતા કસોટી | ૯૦ | ૯૦ | ૯૦ મિનીટ |
| ૨.SAT શૈક્ષિક યોગ્યતા કસોટી | ૯૦ | ૯૦ | ૯૦ મિનીટ |

નોંધ :- અંધ ઉમેદવારોને પરીક્ષામાં નિયમ અનુસાર વધારાનો સમય મળવાપાત્ર થશે.

❖ ઓન લાઈન અરજી કરવાની રીત :

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષાબોર્ડ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે.ઉમેદવાર તા.૨૦-૮-૧૫ (બપોરના ૧૪.૦૦) થી તા. ૧૫-૯-૧૫ (બપોરના ૧૫.૦૦ કલાક સુધી ) દરમ્યાન **www.sebexam.org** પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક **Confirm** કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ **www.sebexam.org** પર જવું
- **Apply online** ઉપર **Click** કરવું
- **National Means cum Merit Scholarship-NMMS(Std-8)** સામે **Apply Now** પર **Click** કરવું.
- **Apply Now** પર **click** કરવાથી **Application Format** દેખાશે **Application Format** માં સૌ પ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.
- હવે **Save** પર **Click** કરવાથી તમારો **Data Save** થશે. અહી ઉમેદવારનો **Application Number Generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં **Upload Photo-Signature** પર **Click** કરો. અહી તમારો **Application Number Type** કરો અને તમારી **Birth Date Type** કરો. ત્યાર બાદ **Submit** પર **Click** કરો. અહી **Photo** અને **Signature upload** કરવાના છે.
- **Photo** અને **Signature upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature JPG format**માં **(10 KB)** સાઈઝથી વધારે નહી તે રીતે **Computer**માં હોવો જોઈએ **Browse Button** પર **Click** કરો હવે **Choose File** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **JPG format**માં તમારો **Photo Store** થયેલ છે. તે ફાઈલને **Select** કરો અને **Open Button** ને **Click** કરો. હવે **Browse Button** ની બાજુમાં **Upload Button** પર **Click** કરો હવે બાજુમાં તમારો **Photo** દેખાશે. હવે આજ રીતે **Signature** પણ **Upload** કરવાની રહેશે.
- હવે **Confirm Application** પર **Click** કરો. અહી તમારો **Application Number Type** કરો અને તમારી **Birth Date Type** કરો. ત્યારબાદ **Submit** પર **Click** કરો.જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો **Edit Application** ઉપર **Click** કરીને સુધારો કરી લેવો. અરજી **Confirm** કર્યા પહેલાં કોઈ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી **Confirm** થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ જાતનો સુધારો કરી શકાશે નહીં.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ **Confirm** પર **Click** કરવું. **Confirm** પર **Click** કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં **Online** સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે **Print Application & Fee Challan** પર **Click** કરવું. અહી તમારો **Confirmation Number Type** કરો અને તમારી **Birth Date Type** કરો ત્યારબાદ **Submit** પર **Click** કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઈપણ કોમ્પ્યુટરાઈઝ ભારતીય પોસ્ટ ઓફિસની શાખામાં ફી રોકડામાં અથવા ઓનલાઈન પેમેન્ટ ગેટ વે દ્વારા **ATM CARD/ NET BANKING** થી પરીક્ષા ફી ભરી શકાશે.

❖ શાળાએ કરવાની કાર્યવાહી :

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઈન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.

- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઈન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિકકા કરી જરૂરી આધારો/ પ્રમાણપત્રો સાથે તા.૨૨-૯-૧૫ સુધીમાં એલિસબ્રીજ શા.નં.૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ, શાસનાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

❖ ફી ભરવાની રીત :

- પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે અરજી **Confirm** થયા બાદ ચલણ સ્લીપ પ્રિન્ટ કરી, આ પે સ્લીપ ગુજરાતની કોઈપણ કોમ્પ્યુટરાઈઝ ભારતીય પોસ્ટ ઓફિસની શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે.
- ઉમેદવાર ઓનલાઈન પેમેન્ટ ગેટ વે દ્વારા **ATM CARD/NET BANKING** થી પણ પરીક્ષા ફી ભરી શકાશે.

❖ જરૂરી આધારો / પ્રમાણપત્રો

ઓનલાઈન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો/ પ્રમાણપત્રો જોડવાના રહેશે.

- ફી ભર્યાનું ચલણ (માત્ર **SEB** કોપી)
- આવકના દાખલાની પ્રમાણિત નકલ
- ધો.૭ની માર્કશીટ અથવા સમકક્ષ પુરાવો કે દાખલો
- જાતિ અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ (જો લાગુ પડતું હોય તો)
- વિકલાંગતા અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ (જો લાગુ પડતું હોય તો)

તા.૧૦-૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી